# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૯મું. શક ૧૮૧૫ ફાગણ શુદિ ૧૫ સંવત ૧૯૫૦ અંક ૧૨ મો.

## કેવા પુરૂષોથી આ પૃથ્વી રત્નવતી છે?

( અનુસંધાન પૃષ્ટ ૧૯૦ થી. )

જે સામાયિક આચરી નવવડે સાવદ્ય વાર્યો કદી;
રાખીને દૃઢ ચિત્તને વ્રતવિષે સદ્ધ્યાન ધારે હૃદી;
છોડી જેહ અતિચાર સર્વ મનથી નિત્યે રહે છે ડરી;
જાણો રત્નવતી ધરા સકલ આ તે ધર્મિરત્ને કરી. ૯
પાળી ધર્મ સુમાર્ગ જે નિત ગ્રહે દેશાવકાશી વ્રતે;
[illegible] અતિચારો બધા નિજમને સદા ધરે શ્રીમતે;
જે ગાવે નિજ ધર્મ કીર્તિ જગમાં ભક્તિથી પાથરી;
જાણો રત્નવતી ધરા સકલ આ તે ધર્મિરત્ને કરી. ૧૦
ધારી પૌષધ પ્રેમથી પરહરે સંસારની વાસના;
છોડે દોષ અઢાર તે સકલ આ જે છે ગૃહાવાસના;
જે રાખે નિજ આત્મમાં મુનિપણું સંવેગ ચિત્તે ધરી;
જાણો રત્નવતી ધરા સકલ આ તે ધર્મિરત્ને કરી; ૧૧
પાળે જે અતિથિ વિભાગ વ્રતને પ્રીતિ ધરી સર્વમાં;
આપે દાન અમાન જે સુમુનિને નિર્લેપ થૈ ગર્વમાં;
જે પામે અતિ હર્ષ નિત્ય મનમાં સદ્ધર્મ હૈયો કરી;

જાણો રત્નાવલી ધરા સકલ આ તે ધર્મરત્ને કરી; ૧૨
જેણે શ્રાવકના ધરી વ્રત કરી સત્કર્મ ને આચરી;
ધારી ધર્મ જિનેશનો પરહરી મિથ્યાત્વ કર્મકરી;*
રાણી નર્મદ [illegible] નિમળા શ્રી ધર્મમાં ચાલતી;
જાણો રત્નાવલી ધરા સકલ આ તે ધર્મરત્ને કરી. ૧૩

# દ્રૌપદી.

( આગળ પાને ૨૫૬ થી )

તે સમયે ભરતક્ષેત્રમાં પાંચાલ દેશને વિષે કાંપિલ્યપુર નામે મોટું નગર હતું. તે નગરનો દ્રુપદ નામે રાજા હતો. તેને ચુલણી નામે રાણી હતી અને ધૃષ્ટાર્જુન નામે યુવરાજ કુમાર હતો. સુકુમાલિકા દેવી આયુષ્ય પૂર્ણ થયે ઇશાન દેવલોકથી ચવી દ્રુપદ રાજાની ચુલણી રાણીની કુક્ષિને વિષે ઉત્પન્ન થઈ. નવ માસ સાડા સાત દિવસ વ્યતીત થયે પુત્રીપણે અવતરી. તેણીના હાથ પગ સુકોમળ-સંવાળા હતા. સર્વ અંગ સુંદર હતા અને પાંચે ઇંદ્રિયો પરિપૂર્ણ હતી. જન્મથી બાર દિવસ વીત્યા પછી માતા પિતાએ તેણીનું ગુણ નિષ્પન્ન દ્રોપદી એવું નામ પાડ્યું. એક સ્તનપાન કરાવનારી, એક ખોળામાં બેસારનારી, એક અલંકાર પહેરાવનારી, એક ક્રીડા વિનોદ કરાવનારી, ને એક સ્નાન કરાવનારી—એમ પાંચ ધાવે તેણીનું પાલનપોષણ થતાં, ગિરિકંદરાને વિષે જેવી ચંપક લતા [illegible] રહિત [illegible] વૃદ્ધિ પામે તેમ તે બાળા વૃદ્ધિ પામવા લાગી. અનુક્રમે બાળપણ પૂર્ણ થતાં યૌવનવયને પામી. એક દિવસ તેણીની માતાએ સ્નાન કરાવી સુંદર અલંકાર પહેરાવી દ્રુપદ રાજાને નમન કરવા મોકલી. તેણીએ દ્રુપદ રાજા પાસે જઈ નમન કર્યું. [illegible] ખોળામાં બેસારી અને તેણીનાં રૂપ, વય અને લાવણ્યથી આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે [illegible] હું તને કોઈ રાજા અથવા યુવરાજ વેરે પરણાવીશ અને તે રાજા દુઃખ પામીશ તો મને પશ્ચાત્તાપ થશે માટે આ-

* કર્મકરી—કર્મ આપનારી [illegible] અર્થાત્ જે મિથ્યાત્વ છે તેથી કર્મો [illegible].

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેથી તારો સ્વયંવર રચ્યું છું, તેમાં તું સ્વયમેવ તારો પતિ પસંદ કરજે, તેજ તારો ભર્તાર થશે.' એમ કહી તેણીને આશ્વાસન આપી વિદાય કરી. પછી તેણે દૂતોને બોલાવ્યા અને એકને આજ્ઞા કરી કે 'તું દ્વારિકા નગર પ્રતે જા. ત્યાં જઇ કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજયાદિ દશ દસાર ભાઇઓ, બળદેવ પ્રમુખ પાંચ મહાવીર સુભટ, ઉગ્રસેનાદિ સોળ હજાર રાજા, સાંબ પ્રદ્યુમ્ન વિગેરે કુંવરો, વીરસેન પ્રમુખ વીર પુરૂષો અને મહાસેનાદિ બળવંત વર્ગ તથા બીજા જે કોઇ રાજા યુવરાજ, માંડલિક, શ્રીમંત શેઠ, સેનાપતિ વિગેરે હોય તેની પાસે જઇ હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકને વિષે આવર્ત અને અંજલી કરી-દેશમાં આપનો જય થાઓ, પરદેશમાં આપનો વિજય થાઓ એમ કહી નિવેદન કરવું કે-કાંપિલ્યપુર નગરને વિષે દ્રુપદ રાજાની બેટી દ્રૌપદી નામે રાજકન્યાનો સ્વયંવર મંડાયો છે માટે આપ સત્વર ત્યાં પધારો અને દ્રુપદ રાજા ઉપર અનુગ્રહ-પ્રસાદ કરો.' દ્રુપદ રાજાની તે આજ્ઞા અંગીકાર કરી વિનયથી નમન કરી તે દૂત ત્યાંથી પોતાને ઘરે ગયો અને સેવક પાસે ચાર ઘોડાનો રથ મંગાવ્યો. સેવકો તત્કાળ અશ્વરથ તૈયાર કરી લાવ્યા એટલે બહુ મુલ્યવાળા વસ્ત્રાભરણ ધારણ કરી તે તેમાં બેઠો અને ઘણા હથિયારબંધ સુભટો સાથે પ્રયાણ કર્યું. કાંપિલ્યપુરથી નીકળી પાંચાલ દેશનું ઉલ્લંઘન કરી અનુક્રમે સોરઠમાં પ્રવેશ કર્યો. કેટલેક દિવસે દ્વારિકા પહોંચ્યો. ત્યાં નગરમાં પ્રવેશ કરી જ્યાં કૃષ્ણ વાસુદેવની બેસવાની શાળા છે ત્યાં આગળ જઇ રથ ઉભો રાખ્યો. પછી ઘોડેસવારી નીચે ઉતરી પોતાના સર્વ માણસોની સંઘાતે જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં ગયો. ત્યાં કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજયાદિ ભાઇઓ અને મહાસેનાદિ રાજાઓ વિગેરે સઘળા પ્રતે હાથ જોડી, વધાવીને કહ્યું કે 'હે સ્વામિન્! દ્રુપદ રાજાની કુંવરી અમારી બાળા દ્રૌપદીનો સ્વયંવર છે માટે દ્રુપદ રાજાએ આપ સર્વેને તેડવા મને મોકલ્યો છે. કૃપા કરી સત્વર આપ ત્યાં કાંપિલ્યપુર પધારો' દૂતના મુખથી એવા સમાચાર સાંભળી કૃષ્ણ વાસુદેવ અત્યંત ખુશી થયા, તેનો સારી રીતે આદર સત્કાર કરી-વસ્ત્રાલંકાર આપી બહુ માન આપી વિદાય કર્યો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે આદેશકારી પુરૂષને તેડાવ્યો અને આજ્ઞા કરી કે 'હે દેવાનુપ્રિય! તત્કાળ જઇને સામુદાનિક ભેરી વગાડો.' એટલે સેવક પુરૂષે નમન કરી રજા લઇ જ્યાં સુધર્મા સભા છે ત્યાં જઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હોટે શબ્દે સામુદાનિકી ભેરી વગાડી. તે ભેરીનો નાદ સાંભળી સમુદ્રવિજયાદિ ભાઈઓ વિગેરે સર્વે સ્નાન કરી મૂલ્યવંત વસ્ત્રાભરણ ધારણ કરી, કોઈ વાહનમાં-કોઈ ચાલતા-એમ જ્યાં કૃષ્ણ વાસુદેવ છે ત્યાં આવ્યા. આવી હાથ જોડી કૃષ્ણ વાસુદેવને વધાવી પોતપોતાના આસન ઉપર બેઠા. એટલે કૃષ્ણ વાસુદેવે સેવકને આજ્ઞા કરી કે અભિષેક પટ્ટનો હસ્તિ શણગારો-સજ્જ કરો. પછી પોતે સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી, ભોજન કરી, અંજનગિરિના શિખર સદૃશ શ્યામ હસ્તિ ઉપર બેઠા અને ઘણી ઋદ્ધિ, ઘણા વાજિત્ર તથા સર્વ પરિવાર સાથે પ્રયાણ કર્યું. સોરઠ દેશનું ઉલંઘન કરી અનુક્રમે પાંચાલ દેશમાં દાખલ થઈ કાંપિલ્યપુર પહોંચ્યા.

એવીજ રીતે દ્રુપદ રાજાએ બીજા દૂતને હસ્તિનાગપુર જઈ પાંડુ રાજા અને તેના પાંચ પુત્રો, દુર્યોધન અને તેના સો ભાઈઓ, ગાંગેય અને વિદુર કુમાર, દ્રોણાચાર્ય અને અશ્વસ્થામા તથા જયદ્રથ વિગેરેને તેડવા મોકલ્યો; ત્રીજા દૂતને ચંપાનગરીથી કર્ણ રાજા વિગેરેને બોલાવવા મોકલ્યો; ચોથા દૂતને સુક્તીમતી નગરથી શિશુપાળ રાજાને સપરિવાર તેડવાને મોકલ્યો; પાંચમા દૂતને હસ્તિશીર્ષ નગર પ્રત્યે દમદંત રાજાને તેડવા માટે મોકલ્યો; છઠ્ઠા દૂતને મથુરા જઈ ધર રાજાને બોલાવવા મોકલ્યો; સાતમા દૂતને રાજગૃહી જઈ જરાસિંધ તથા તેના પુત્ર સહદેવને બોલાવવા મોકલ્યો; આઠમા દૂતને કોડાનામે નગરથી રૂપીરાજાને બોલાવવા મોકલ્યો, નવમા દૂતને કીતક રાજાને તેના સર્વ ભાઈઓ સહિત બોલાવવા વિરાટ નગર પ્રત્યે મોકલ્યો; અને દશમા દૂતને બાકીના બીજા ગામ, નગર અને દેશના રાજાઓને બોલાવવા માટે મોકલ્યો. તે સર્વે દૂતોએ પણ પહેલા દૂતની જેમ દરેક નગર પ્રત્યે જઈ ત્યાંના રાજાને જયજયકારનો આશીર્વાદ દઈ હાથ જોડી કાંપિલ્યપુર નગરે દ્રૌપદીના સ્વયંવરમાં આવવા વિજ્ઞપ્તિ કરી અને તે સર્વે રાજાઓ પણ જુદી જાતના વસ્ત્રાલંકાર ધારણ કરી હાથી ઘોડા, રથ, પાળા, સુભટ, અસવાર પરિવાર વિગેરે સહિત ત્યાં આવ્યા.

અહીં દ્રુપદ રાજાએ સેવક પુરૂષોને આજ્ઞા કરી કે નગર બહાર ગંગા નદીના તટ ઉપર મ્હોટો સ્વયંવર મંડપ રચો. તેની અંદર ઘણા થાંભલા બનાવો અને થાંભલા ઉપર ક્રીડા કરતી એવી કોરણીદાર પુતળી બનાવો. સેવકોએ સત્વર તે પ્રમાણેની સઘળી તૈયાર કરી ત્યારે પછી રાજાએ કૃષ્ણ વાસુદેવ વિગેરે રાજાઓને માટે જુદા જુદા નિવાસ સ્થાન તૈયાર કરાવ્યા. જેમ જેમ સર્વ રાજાઓ આવ્યાના સમાચાર આવતા ગયા તેમ તેમ દ્રુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદરાજા પોતાની સર્વ ઋદ્ધિ સહિત સામે જઇ તેઓને ઘણા આદર સત્કાર પૂર્વક તેડી લાવી મુકરર કરી રાખેલા નિવાસસ્થાનમાં ઉતારા આપવા લાગ્યા. ત્યાં ઘણા પ્રકારના ભોજન, સ્વચ્છ જળ, ફલ, વસ્ત્ર, પુષ્પમાળા આદિ સર્વ વસ્તુઓ તૈયાર રાખી જેને જે જે વસ્તુ જોઇએ તે તે આપવા સેવકોને આજ્ઞા કરી અને તેઓના ઉતારામાં સેવકોને રહેવાને ફરમાવ્યું. તે સર્વે રાજાઓ પણ ભાત ભાતના ભોજન કરી, પાછળ પાન, સોપારી એલચી પ્રમુખ મુખવાસ લઇ સુખાસન ઉપર બેસી ગાંધર્વો પાસે અનેક પ્રકારના નાટક કરાવતા તથા ગાયન ગવરાવતા રહેવા લાગ્યા.

તે દિવસના પાછલા પહોરે દ્રુપદ રાજાએ કૌટુંબીક–આદેશકારી પુરૂષોને બોલાવી આજ્ઞા કરી કે–હે દેવાનુપ્રિયે ! તમે હાથી ઉપર બેસી, કાંપિલ્યપુર નગરમાં મ્હોટા રસ્તા ઉપર, સર્વે પ્રસિદ્ધ જગ્યાએ જ્યાં ઘણા રાજાઓને જવા આવવાનો માર્ગ હોય તે સ્થળે, તથા કૃષ્ણ વાસુદેવ પ્રમુખ રાજાઓના ઉતારા પ્રત્યે જઇને મ્હોટે સાદે એવી ઉદ્ઘોષણા કરો કે–હે નગરનિવાસી લોકો. હે ભૂપતિઓ ! કાલે પ્રભાતે સૂર્યોદય થયા પછી દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, ધૃષ્ટાર્જુનની બ્હેન દ્રૌપદી નામે રાજકન્યાનો સ્વયંવર થશે માટે સર્વેએ દ્રુપદ રાજા ઉપર અનુગ્રહ–કૃપા કરી સ્વયંવર મંડપમાં પધારવું.

અપૂર્ણ.

---

# संबोधसत्तरी.

અનુસંધાન પૃષ્ટ १८० થી.

હવે સ્થાવર જીવોની–એકેંદ્રીય પૃથ્વી, પાણી, અગ્નિ વિગેરેની હિંસા કરવામાં કેટલાએક પ્રાણીઓ નીઃશુક પ્રણામ ધરાવે છે તેમને ઉપદેશ નિમિત્ત–સમજાવવા માટે શાસ્ત્રકાર કહે છે–

अद्दामलय पमाणे, पुढवीकाए हवंति जे जीवा ।
ते पारेवय मित्ता, जंबुद्दीवे न मायंति ॥ १४ ॥

અર્થ–લીલા આમળા પ્રમાણ પૃથ્વી કાયને વિષે જે જીવો રહેલા છે તે દરેકનું શરીર પારેવા પ્રમાણ કરીએ તો જંબુદ્વીપને વિષે સમાવી શકે નહીં. ૧૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ-જમ્બુદ્વીપ એક લાખ યોજનનો છે. પૃથ્વીકાય જીવોનું શરીર અંગુળના અસંખ્યાતમાં ભાગનું છે. લીલા આમલા જેટલી કાચી માટી, કાચું મીઠું વિગેરે લઇએ અને તેમાં રહેલા દરેક જીવોના શરીરની પારેવા પ્રમાણ કલ્પના કરીએ તો પૂર્વોક્ત પ્રમાણવાળા જમ્બુદ્વીપમાં સમાય નહીં. એટલી બધી જીવોની સુક્ષ્મતા તેમાં રહેલી છે. આ ઉપરથી વિના કારણ કાચીમાટી, ભુતડો વિગેરે વાપરનારને તેમજ માત્ર જીવ્હાના સહજના સ્વાદ માટે કાચું મીઠું લઇને છુટું ખાનારને શિક્ષા ગ્રહણ કરવાની છે. કોઇ શાક વિગેરે પદાર્થ સહજ મોળો થયો હોય અથવા કોઇ પદાર્થની સાથે ક્ષાર વસ્તુ લેવાની જરૂર હોયતો માત્ર પોતાના મુખના સહજ વખતના સ્વાદને માટે જેઓ અસંખ્ય જીવાત્મક કાચું મીઠું વાપરતાં આંચકો ખાતા નથી તેમણે તેમાં આવી જીવની સુક્ષ્મતા સમજીને કાચું મીઠું ખાવાનો ત્યાગ કરવો જોઇએ. કાચા મીઠા માંહેના જીવોની સુક્ષ્મતાને માટે ત્યાં સુધી કહેલું છે કે " વજ્રમય ખરલમાં કાચું મીઠું નાખીને વજ્રના ઊ-વટણાથી ચક્રવર્તિની મુખ્ય દાસી પ્રબળ બળવત ૨૧ વાર પર્યંત લસોટે તોપણ તેમાંના સર્વે જીવોનો વિનાશ ન થાય એટલુંજ નહીં પણ કેટલાએક જીવોને તો પોતાની ઉપર ઉલટણો ફરે છે એવી ખબર પણ ન પડે."

હવે અપકાયને માટે કહે છે—

**एगंमि उदगबिंदुमि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ।**
**ते जइ सरिसवमित्ता, जंबुद्दीवे न मायंति ॥ ९८ ॥**

અર્થ—એક પાણીના બિંદુમાં જે જીવો જિનેશ્વરે કહ્યા છે તેને સરસવ માત્ર શરીરવાળા કલ્પીએ તો જંબુદ્વીપમાં સમાય નહીં. ૯૮.

ભાવાર્થ—પાણીના બિંદુમાં જ્યારે ઉપર પ્રમાણે જીવોનો સંભવ છે ત્યારે વિના કારણ પાણી ઢોળનારે તેમજ જરૂરીઆત કરતાં વધારે પાણી વાપરનારે વિચાર કરવાની જરૂર છે. એટલાજ માટે શ્રાવકને " ઘૃતની પરે વાવરજે નીર" એમ કહેલું છે. વળી જેમ ત્રિગળી ગળીને પાણી સદા વાપરવાનું કહ્યું છે તે માત્ર દ્રવ્યની ગણનાવાળા મનુષ્યોને માટે છે બાકી પાપથી ભય પામનારા અને હિંસાથી દૂર રહેનારાઓને માટે તો ઘૃત કરતાં પણ અતિ વિશેષ ગણના છે. માટે ઉત્તમ શ્રાવકોએ તો બનતાં સુધી સચિત્ત જળ પીવાનો તેમજ વાપરવાનો પણ ત્યાગ કરવો જોઇએ તેમ ન બનેતો પીવાનો તો ત્યાગ કરવોજ જોઇએ તેમ પણ ન બનેતો ઉકાળ

For Private And Personal Use Only

બહુજ વિચારીને જેમ બને તેમ ઓછા પાણીથી વ્યવહાર ચલાવવો જોઈએ. ખાવા પીવાના વ્યવહારમાં ભોજન આશ્રીને અનંતકાય કંદમૂળના ત્યાગીને માત્ર પાણીજ અસંખ્ય જીવાકુળ ઉપભોગમાં આવે છે તેથી નિરંતર તેના ત્યાગને માટે ઉદ્યમવંત થવું જોઇએ.

હવે તેઉકાય–અગ્નિને માટે કહે છે––

**वरट्ट तंदुल मित्ता, तेउकाये हवंति जे जीवा ।**
**ते जइ खसखसमित्ता, जंबुदीवे न मायंति ॥२६॥**

અર્થ— બંટી તંદુલ માત્ર તેઉકાયને વિષે જેટલા જીવો છે તે જો ખસખસ પ્રમાણ શરીરવાળા કરીએ તો જંબુદ્વિપમાં સમાય નહીં. ૯૫

ભાવાર્થ––બંટીના અથવા ચોખાના એક દાણા જેટલા તેઉકાયમાં જ્યારે ઉપર કહ્યા પ્રમાણે જીવો છે ત્યારે વિના કારણ અગ્નિનો વિનાશ કરનારા, અગ્નિને ટાઢો કરવા–લાકડાઓનો બચાવ કરવા પાણી રેડનારા તેમજ ફુંકવડે દીવા ઓલવનારા માણસોએ તેમ કરતાં વિચારવાનું છે. પાણી રેડવાથી તો અગ્નિના જીવોની સાથે અસંખ્ય પાણીના જીવોનો વિનાશ થાય છે. અને ફુંક મારીને દીવો ઓલવવાથી અગ્નિના જીવોની સાથે અસંખ્ય વાઉકાય જીવોનો વિનાશ થાય છે માટે સુજ્ઞજનોએ જેમ ઓછો વિનાશ થાય તેમ કરવું જોઇએ.

હવે વાઉકાયને માટે કહે છે.

**जे लिंबपत्त मित्ता, वाउकाए हवंति जे जीवा ।**
**ते मत्थय लिक्खमित्ता, जंबुद्दीवे न मायंति ॥२७॥**

અર્થ—લીંબડાના પાનડાના જેટલી જગ્યા રોકનારા વાયુકાયમાં જે જીવો છે તે દરેકને માથાની લીખ માત્ર શરીરવાળા કરીએ તો જંબુદ્વીપમાં સમાય નહીં. ૯૭

ભાવાર્થ—વાયુકાયમાં જ્યારે પૂર્વવત્ જીવ સંભવ છે ત્યારે ઇંદ્રિયોના વિષયમાં લીન થયેલા અને શરીરના સુખકારી સ્પર્શને માટે નિરંતર પંખા કરનારા પ્રાણીઓએ વિચાર કરવાનો છે કે માત્ર એક શરીરના સ્વલ્પ સુખને માટે અસંખ્ય વાયુકાયજીવોનો વિનાશ થાય તેમ કરવું ઘટીત નથી માટે ઇંદ્રિયોને નિરંતર અતૃપ્ત રહેનારી સમજીને તેના વિષયોમાં લીન થવું નહીં એજ ખરું કર્તવ્ય છે. ઇંદ્રિયોના વિષયોમાં લીન થયેલા પરભવે દુઃખ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના ભાજન થાય છે અને વિરક્ત રહેનારા સુખના ભાજન થાય છે માટે બંને બાબતોનો વિચાર કરી-તોલ કરીને લાભકારક બાબતમાં પ્રવર્તવું એજ કલ્યાણકારી છે.

હવે જે મુનિ પાસસ્થાદિકના સંગમાં રહે તે પણ વંદન પૂજન કરવા યોગ્ય નથી એમ બતાવવા શાસ્ત્રકાર કહે છે-

असुइ ठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे।
पासत्थाइ ठाणेसु, वट्टमाणो तह अपुज्जो ॥ ९८ ॥

અર્થ-અશુચિ સ્થાનકને વિષે પડેલી ચંપાના પુષ્પની માળા જેમ મસ્તક ઉપર ધારણ કરાતી નથી તેમ પાસસ્થાદિક સ્થાનકને વિષે વર્તતા-રહેતા એવા (મુની) પણ અપૂજ્ય છે-પૂજવા યોગ્ય નથી. ૯૫.

ભાવાર્થ—કેટલાએક અજ્ઞાનીઓ પાસસ્થા-જતિ વગેરેને વંદના નમસ્કાર કરવામાં કાંઇ અડચણ નહીં એવું મુગ્ધજનોને સમજાવે છે પરંતુ આ ગાથામાં પાસસ્થાની સાથે રહેનારા મુનિને પણ અવંદનીય કહેલા છે તો પછી પાસસ્થા અવંદનીય છે તેમાં તો શું આશ્ચર્ય? અશુચિ-વીષ્ટા વિગેરે દુર્ગંધીવાળી જગ્યામાં પડેલી ચંપાના પુષ્પની માળા ત્યાંથી લઇને કોઇ માથે ચડાવતા નથી, ગળામાં પેરતા નથી તેમ સુંઘતા પણ નથી તેજ પ્રમાણે પાસસ્થાની સંગતમાં રહનારા મુનિને માટે પણ સમજવું. એનું કારણ મૂળતો એ છે કે સંગતનો પાસ કદાપિ પણ લાગ્યા વિના રહેતો નથી કોઇક મુનિ એમ વિચારે છે કે- "આપણે તો વિદ્યાભ્યાસ કરવો છે, આપણને ક્યાં પાસ લાગવાનો છે" પણ એ સમજવું ભુલ ભરેલું છે કેમકે દુર્જનની સંગતનો પાસ સજ્જનને લાગ્યા વીના રહેતો નથી વળી એમ રહેવાથી વ્યવહાર પણ અશુદ્ધ પ્રવર્તે છે, લોકો એમ સમજે છે કે આવા મુનિ પણ આની સાથે રહે છે તો આપણે તેને માનવામાં શી અડચણ છે? આ પ્રમાણે ખોટી અસર ન થવાને માટે શાસ્ત્રકારે સખ્ત પ્રતિબંધ રૂપ આ ગાથા કહેલી છે. ૯૫.

અનેક પ્રકારની ધર્મ ક્રિયા કરવામાં પ્રથમ જાણપણું હોવું જોઇએ. વસ્તુ સ્વરૂપનું જાણપણું હોવાથી જડભાવ અને ચૈતન્ય ભાવ જુદા જુદા સમજાય છે. અને સ્વપરની ઓળખાણ પડે છે. તેમ થવાથી પછી સુજ્ઞ પ્રાણી પર વસ્તુને પોતાપણે ગ્રહણ કરતા નથી એટલે કર્મક્ષય થવામાં એ કારણ પ્રબળ સહાય ભૂત થઇ પડે છે આ કારણથી શાસ્ત્રકાર જ્ઞાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્ટી કરતા છતા કહેછે—

छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
एत्तोउअणेगगुणा, सोहा जिमियस्स नाणिस्स ॥९९॥

અર્થ—છઠ, અઠ્ઠમ દશમ, દુવાલસ, અર્ધ માસખમણ અને માસખમણ કરવે કરીને જે શોભા છે તે કરતાં અનેક ગુણી શોભા ( દરરોજ ) જમતા એવા જ્ઞાનીની છે. ૯૯.

ભાવાર્થ—બે, ત્રણ, ચાર અને પાંચ ઉપવાસ અથવા પાસખમણ કે માસખમણ પર્યંત ઉગ્ર તપના કરનારા મુનિની જેટલી શોભા હોય છે એટલે તેમની જૈન દર્શનમાં અને અન્ય દર્શનમાં જેટલી પ્રશંસા થાય છે અને તેના વડે જૈન ધર્મની જેટલી ઉન્નત્તિ થાય છે તેના કરતાં શરીરની અશક્તિ વિગેરે કારણોથી દરરોજ જમનારા—તપસ્યા નહીં કરી શકનારા પણ જ્ઞાનવાન્ મુનિવડે જૈનધર્મની બહુ વિશેષ ઉન્નતિ થાય છે. અનેક જીવો ધર્મ પામે છે. શિથિલ થયેલા અનેક જીવો તેમના ઉપદેશવડે પાછા દૃઢ થાય છે અને અન્ય મતવાળાની સાથે તેવા જ્ઞાની મુનિ વાદવિવાદ કરીને જયપતાકા વરે છે. તેથી જૈનમતનો જય ઘોષ પ્રવર્તી રહે છે, એ કારણથી તેમની શોભા પૂર્વોક્ત તપસ્વી મુનિ કરતાં અનેક ગુણી કહી છે. તપસ્વી મુનિ પ્રાયે પોતાના આત્માનાજ ઉપકાર કરનારા છે અને જ્ઞાની મુનિ અનેક જીવોનો ઉપકાર કરે છે. એ તાત્પર્ય સમજવો, ૯૯.

વળી જ્ઞાનની—જ્ઞાનવાનની પુષ્ટી નિમિત્તે શાસ્ત્રકાર કહે છે—

जं अन्नाणी कम्मं, खवेइ बहुआइं वासकोडीहिं ।
तन्नाणी तितिहिगुत्तो, खवेइ उसासमित्तेणं ॥ १०० ॥

અર્થ—બહુ ક્રોડ વર્ષોએ કરીને અજ્ઞાની જેટલા કર્મને ખપાવે તેટલા કર્મને જ્ઞાની ત્રણ ગુપ્તિ યુક્ત વર્તતા સતા એક શ્વાસોશ્વાસ માત્રે કરીને ખપાવે. ૧૦૦.

ભાવાર્થ—કોઇ પદાર્થને ગમે તેટલા વર્ષો સુધી સૂર્યનો તાપ લાગે પણ તેનો વિનાશ થઇ શકે નહીં તે પદાર્થને અગ્નિ સહજવારમાં ભસ્મભૂત કરી નાંખે. તેમ અજ્ઞાની દેશઉણા ક્રોડ પૂર્વ પર્યંત ચારિત્ર પાળે તો પણ જે નિવડ કર્મો હોય છે તેનો ક્ષય કરી શકતા નથી તેવા કર્મો જ્ઞાની, મન વચન કાયાની એકાગ્રતા વડે એક શ્વાસોશ્વાસમાં તીવ્રતીવ્રતર શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનરૂપ અગ્નિવડે ક્ષય કરી નાખે છે. ૧૦૦.

આ ગાથા જ્ઞાનની પુષ્ટી માટે કહેલી છે પરંતુ તે સાંસારીક પદાર્થો ની ઉપર–ઇંદ્રીઓના વિષયમાં અભિલાષી બુદ્ધિ ધરાવનારને દાખલો લેવા માટે નથી. એવા ઉત્તમ જ્ઞાની હોય છે તે સ્વમુખે કદાપિ પણ અમે જ્ઞાની છીએ, એવી સ્વપ્રશંસા કરતાજ નથી અને " તમે ભલે તપ, જપ, ક્રીયા કલાપ કર્યા કરો તેમાં કાંઇ થવાનું નથી. અમે તો જ્ઞાનવડે સહજ-વારમાં કર્મોનો ક્ષય કરી નાંખશું" આવું દાંભીક વચન તેઓ બોલતાજ નથી. માટે આવા વચનો બોલનારને અજ્ઞાનીની પંક્તિમાંજ મુકવા યોગ્ય છે. ઇતિ તાત્પર્યાર્થઃ

સંપૂર્ણ.

# प्रतिक्रमण.

અનુસંધાન પૃષ્ટ ૧૭૫ થેથી.

## ( પ્રતિક્રમણ શબ્દની વ્યાખ્યા )

**પ્રતિક્રમણ** એ શબ્દનો અર્થ–પ્રતિ એ ઉપસર્ગ પ્રતિપાદ્ય અર્થમાં વર્તે છે. क्रम्–पादविक्षेपे ધાતુ છે તેને **અનટ્** પ્રત્યય આવીને **પ્રતિક્રમણ** શબ્દ થાય છે. प्रतिप અથવા प्रातिकूल જે क्रमण તે પ્રતિક્રમણ. તેનો આવો આશય છે કે– શુભ યોગ થકી અશુભ યોગમાં કાંત ગયેલાનું શુભ યોગને વિષે જે પાછું ક્રમણ તે **પ્રતિક્રમણ.** કહ્યું છે કે.

स्वस्थानाद्यत्परस्थानं, प्रमादस्य वशाद्गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥ १ ॥
क्षायोपशमिकाद् भावादौदयिकस्य वशं गतः ।
तत्रापि च सएवार्थः, प्रतिकूलगमात्स्मृतः ॥२॥

અર્થ–સ્વસ્થાન થકી પરસ્થાન પ્રત્યે પ્રમાદના વશથકી ગયેલાનું ત્યાંજ પાછું આવવું તેને પ્રતિક્રમણ કહીએ. ૧. ક્ષાયોપશમિક ભાવ થકી ઔદયિક ભાવને વશ જનાર પ્રાણીનું તેનેજ વિષે (ઔદયિક ભાવથી ક્ષાયોપશમિક ભાવમાં ) પાછું ગમન થવું તે પ્રતિકુળ ગમન થકી તેજ અર્થ સમજવો. એટલે પ્રતિક્રમણ સમજવું. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિ પ્રતિક્રમણ એટલે તે તે પ્રકારના શુભ યોગને વિષે વારંવાર પ્રવર્તવું તેને પણ પ્રતિક્રમણ કહીએ. કહ્યું છે કે– મોક્ષફળ દાયક એવા શુભ યોગને વિષે નિઃશલ્ય એવા યતિનું જે વારંવાર વર્તન તે પ્રતિક્રમણ. અહીંયાં કરણથકી કર્મ અને કર્ત્તાની પણ સિદ્ધિ જાણવી કેમકે કર્મ અને કર્ત્તા વિના કરણપણાનીજ સિદ્ધિ થતી નથી. એટલે આહીંયાં પ્રતિક્રમણ થકી પ્રતિક્રમક અને પ્રતિક્રંતવ્યની સિદ્ધિ થાય છે. તેથી એ ત્રણેનું અભિધાન કરીએ છીએ. તેમાં પ્રતિક્રમણ એ શબ્દનો અર્થનો નિરૂપણ કરેલો છે તેને કરણ સમજવું. પ્રતિક્રમણ કરે છે જે તે પ્રતિક્રમક કર્ત્તા જાણવો અને અશુભ યોગ જે પ્રતિક્રમવા યોગ્ય છે તે પ્રતિક્રંતવ્ય–કર્મ જાણવું એ પ્રતિક્રમણ અતીત, વર્ત્તમાન અને ભવીષ્ય ત્રણેકાળ આશ્રઈ સમજવું.

પ્રશ્ન–પ્રતિક્રમણનો અતીત વિષય સંબંધીજ હોવું જોઈએ. કારણ કે શાસ્ત્રમાં अइयं पडिक्कमामि, पडुप्पन्नंसंवरेमि, अणागयं पच्चख्खामित्ति "અતીતકાળ સંબંધી પ્રતિક્રમું છું, પ્રત્યુત્પન્ન–વર્ત્તમાનકાળ સંબંધી સંવરૂં છું અને અનાગત કાળ સંબંધી પ્રત્યાખ્યાન કરૂં છું" એ પ્રમાણે કહેલું છે. તે છતાં અહીં ત્રીકાળ સંબંધી પ્રતિક્રમણ કેમ કહોછો?

ઉત્તર–પ્રતિક્રમણ શબ્દ આહીંયાં, અશુભ યોગની નિવૃત્તિ એટલાજ અર્થવાળો સામાન્યે ગ્રહણ કરવો. એટલે પછી અતીત વિષયનું પ્રતિક્રમણ નિંદાદ્વારે કરીને અશુભયોગની નિવૃત્તિ તે સમજવું. વર્ત્તમાન કાળનું પ્રતિક્રમણ સંવરદ્વારે કરીને અશુભયોગ નિવૃત્તિ તે સમજવું અને અનાગત કાળનું પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન દ્વારે કરીને અશુભ યોગની નિવૃત્તિ તે સમજવું. કહ્યું છે કે–

**पडिक्कमणं पडिक्कमओ, पडिक्कमिअव्वं च आणुपुव्वीए ।**
**तीए पच्चुप्पन्ने, अणागये चेव कालंमि ॥ १ ॥**

"પ્રતિક્રમણ, પ્રતિક્રમક અને પ્રતિક્રંતવ્ય એ ત્રણે અનુક્રમે અતીત, પ્રત્યુત્પન્ન અને અનાગત એ ત્રણે કાળમાં સમજવા." અર્થાત્ પ્રતિક્રમણ પણ ત્રણે કાળનું, પ્રતિક્રમક પણ ત્રણે કાળ આશ્રી અને પ્રતિક્રંતવ્ય જે અશુભયોગ તે પણ ત્રણે કાળના પડીક્રમવાના સમજવા.

હવે સાંપ્રત પ્રતિક્રમકનું સ્વરૂપ કહીએ છીએ. વ્યાખ્યા, તત્ભેદ અને પર્યાયવડે થાય છે. અહીં પ્રતિક્રમણ તે તત્વ કહ્યું છે. તેના ભેદ તે દૈવસિકાદિક જાણવા. યતઃ

For Private And Personal Use Only

**पडिक्कमणं देसियं राइयं च इत्तरिअमावकहियं वा ।**

**पक्खिअ चाउम्मासिअ, संवच्छर उत्तमट्ठे अ ॥१॥**

"પ્રતિક્રમણના બે ભેદ, દૈવસિક અને રાત્રીક, આગળ ઇત્વર અને યાવત્ કથિક સમજવા. ઇત્વર તે દૈવસિકાદી અને યાવત્કથિક પ્રતિક્રમણ તે મહાવ્રતાદિ રૂપ સમજવું. અને ઇત્વર પ્રતિક્રમણના ભેદમાં દૈવસિક, રાત્રિક ઉપરાંત, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક તથા ઉત્તમાર્થે અણસણ કરવા નિમિત્તે પણ આળોયણા પડિક્કમણાને ભેદો સમજવા." વળી પ્રતિક્રમણના પર્યાય તે નીચે પ્રમાણે આઠ સમજવા. યતઃ

**पडिक्कमणं पडिअरणा, पडिहरणा वारणा निअत्तिअ ।**

**निंदा गरहा सोही, पडिक्कमणं अट्ठहा होइ ॥ १ ॥**

"૧ પ્રતિક્રમણ, ૨ પ્રતિચરણા, ૩ પ્રતિહરણા, ૪ વારણા ૫ નિવૃત્તિ, ૬ નિંદા, ૭ ગર્હા અને ૮ શુદ્ધિ એ આઠ પ્રકારે પ્રતિક્રમણ છે."

એ આઠે પર્યાયની ઉપર અનુક્રમે નીચે પ્રમાણે* આઠ દૃષ્ટાંત છે.

૧ પ્રતિક્રમણ ઉપર અદ્ધા-માર્ગનું દૃષ્ટાંત.
૨ પ્રતિચરણા ઉપર પ્રાસાદનું દૃષ્ટાંત.
૩ પ્રતિહરણા ઉપર દુધની કાવડનું દૃષ્ટાંત.
૪ વારણા ઉપર વિષ ભોજન તળાવનું દૃષ્ટાંત.
૫ નિવૃત્તિ ઉપર બે કન્યાનું દૃષ્ટાંત.
૬ નિંદા ઉપર ચિતારાની પુત્રીનું દૃષ્ટાંત.
૭ ગર્હાઉપર પતિને મારનારી સ્ત્રીનું દૃષ્ટાંત.
૮ શુદ્ધિ ઉપર વસ્ત્રનું તથા ઔષધનું દૃષ્ટાંત.

---

# विश्वासघात

અનુસંધાન પૃષ્ઠ ૧૭૭ થી

ઘણા વખત સુધી જ્યારે કુંવર ન આવ્યો અને રાત્રી આખી વ્યતીત થઇ ગઇ ત્યારે **નંદરાજાએ** માણસો શોધવા મોકલ્યા તેમણે અટવીમાં બહુ શોધ કરતાં '**વિશમેરા, વિશમેરા**' બોલતો રાજપુત્ર દીઠો. તેને લઇને તેઓ રાજાની સમિપે આવ્યા. રાજાએ પુત્રને ગાંડો થઇ ગયેલ વન-

---

*ઉપર પ્રમાણેના આઠે દૃષ્ટાંતો સવિસ્તર આગલા અંકમાં નવા વર્ષમાં દાખલ થશે. તંત્રી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યો એટલે અનેક વૈદ્યોને બોલાવીને ઔષધો કરાવ્યા, અનેક મંત્રવાદીઓને બોલાવીને તેના પ્રયોગો કરાવ્યા અને બીજા પણ બની શક્યા તેટલા જાત જાતના ઉપાયો કર્યા પરંતુ કોઇ પ્રકારે તેને આરામ થયો નહીં એટલે રાજાએ ગામમાં પડહો ફેરવ્યો કે " જે કોઇ મારા પુત્રનું ગાંડા પણું દૂર કરશે તેને મારૂં અરધું રાજ્ય આપીશ " આ પ્રસંગે રાજાએ અનેક વિજ્ઞાનમાં પ્રવીણ એવા પોતાના **શારદાનંદન ગુરૂને** સંભાર્યા કે જો તે હોત તો સહજમાં આ દુઃખને દૂર કરત પરંતુ પોતેજ તેને મરાવી નંખાવેલ હોવાથી મનમાં બહુજ પશ્ચાતાપ કર્યો.

પડહો ફરતો ફરતો પ્રધાનના ભુવન પાસે આવ્યો એટલે તેણે પડહો છબ્યો અને રાજ મંદીરે આવીને રાજાને કહ્યું કે મારી પુત્રી અનેક પ્રકારના વિજ્ઞાન જાણે છે તે કુંવરનું ગાંડા પણું દૂર કરશે અને અસલ સ્થિતિમાં લાવશે. તરતજ રાજાએ તેને બોલાવી લાવવાનો હુકમ કર્યો એટલે એક પાલખીમાં બેસારીને પ્રધાન, **શારદાનંદનને** ત્યાં તેડી લાવ્યો એક પર્યંગ ( પડદો ) લગાવીને તેને અંતરે તેને બેસાડયો. **શારદાનંદને** કુંવરની સર્વ સ્થિતિ પોતાના વિજ્ઞાન વડે જાણી લીધી અને પછી નીચેના ભાવાર્થ વાળો એક શ્લોક બોલ્યો.

વિશ્વાસ ધારણ કરનારને ઠગવામાં કાંઇ પંડિતાઇ નથી. ખોળામાં સુનારને જે હણ્યો તેમાં કાંઇ પરાક્રમ ગણાતું નથી?

આશ્લોક સાંભળતાંજ રાજ કુમારે ' વિ' બોલવો છોડી દીધો અને 'શમેરા' 'શમેરા' બોલવા લાગ્યો ત્યાર પછી પંડિતે બીજો શ્લોક નીચેના ભાવાર્થનો કહ્યો.

સમુદ્રને કિનારે જાય અને ગંગા સમુદ્રના સંગમમાં ન્હાવતો બ્રહ્મહત્યા કદી દુર જાય પરંતુ મિત્ર દ્રોહી શોભ્યો ન થાય. ૨.

આ શ્લોક સાંભળ્યો એટલે કુંવરે 'શ' બોલાવો છોડી દીધો અને 'મેરા' 'મેરા' બોલવા લાગ્યો. પંડિતે ત્રીજો શ્લોક નીચેના ભાવાર્થનો કહ્યો.

મિત્ર દ્રોહી, કૃતઘ્ની, ચોર અને વિશ્વાસઘાતિ એ ચાર અઘોર પાપી કહેવાય છે અને તે સુર્ય ચંદ્ર ઉગે ત્યાં સુધી નર્કમાં પડે છે

આ શ્લોક સાંભળ્યો એટલે તેણે 'મે' બોલવો મૂકી દીધો અને 'રા' 'રા' બોલવા લાગ્યો. પંડિતે ચોથો શ્લોક નીચેના ભાવાર્થનો કહ્યો.

રાજન! જો પુત્રનું કલ્યાણ વાંછતા હોતો સુપાત્રને દાન આપો કારણકે ગૃહવાસી દાન દેવાથીજ શોભતા થાય છે. ૪.

આ શ્લોક સાંભળતાંજ કુંવરે 'રા' બોલવો છોડી દીધો અને તરત

જ સ્વસ્થ થયો. તેણે રાણીએ વનમાં બનેલી સર્વ કથા કહી બતાવી અને પોતાના કૃતઘ્નીપણાને પ્રગટ કર્યું રાજા બહુજ વિસ્મય પામ્યો કે રાણીએ વનમાં બનેલી વાત પ્રધાન પુત્રીએ શી રીતે જાણી? પડદામાંથી ઉત્તર થયો કે હે રાજેંદ્ર ! વિચારમાં પડશો નહી આ બધો દેવ ગુરૂનોજ પ્રતાપ છે. મારી જીહ્વાએ શારદાનો નિવાસ છે તેથી મને જ્ઞાનનો પ્રકાશ થઇ રહેલો છે. હું કહું તે તમારે કાંઇપણ ખોટું વગું માનવું નહી. જેમ "ભાનુમતિનું તીલક." રાજા બહુજ હર્ષિત થયો અને સમજ્યા કે આ પ્રધાન પુત્રી નથી પરંતુ શારદાનંદન ગુરૂજ છે. તરત પડદો દૂર કર્યો અને બહુ હર્ષથી શારદાનંદનને નમીને પ્રણામ કર્યા. પ્રધાને પણ સાથમાં જાણ્યું કે "તારી જેવા દીર્ઘ દ્રષ્ટિવાન પ્રધાનથીજ મારો પુત્ર સારો થયો અને આવા જ્ઞાનવાન શારદાનંદન ગુરૂનો બચાવ થયો" ત્યારપછી વિશ્વાસઘાતિપણાનો સર્વથા ત્યાગ કરીને રાજા, રાજપુત્ર, પ્રધાન તથા શારદાનંદન સુખી થયા.

ઉપરની કથા ઉપરથી ગુણ ગ્રાહક સજ્જનોએ સારી રીતે હિત શિક્ષા ગ્રહણ કરવાની જરૂર છે. વિશ્વાસઘાતિ મનુષ્યની કેવી દુર્દશા થાય છે તે આ કથામાં સ્પષ્ટપણે બતાવી આપ્યું છે માટે બીજા અનેક ગુણોનો વિનાશ કરનાર એ પ્રબળ દુર્ગુણને તજી દેવો જોઇએ. કદી. કોઇ વખત આ ભવમાં તો પૂર્વ ભવના પુણ્ય યોગથી વિશ્વાસઘાતિ પ્રાણી દુઃખમાંથી બચી જાય છે અને કરેલ વિશ્વાસઘાત પ્રચ્છન્ન રહેવાથી અપયશ પણ થતો નથી પરંતુ પરભવે તો અવશ્ય નર્ક તિર્યંચાદિ ગતિમાં તેના કટુ વિપાક ભોગવવા પડે છે. માટે ઉત્તમ જનોએ તેથી દૂર રહેવું એજ શ્રેયસ્કર છે.

---

# चरचापत्र.

## શ્રી જૈનધર્મ પ્રકાશના અધિપતિ સાહેબ !

નીચેની હકીકત આપના ઉપદેશક ચોપાનીઆમાં પ્રગટ કરશો.

હું ૭ વર્ષ થયા મુંબઇ શેહેરમાં આવેલો છું તેમાં કેટલીએક આશાતનાઓ તો દેરાસરજીમાંથી દૂર થયેલી દૃષ્ટિએ પડે છે પરંતુ કેટલીએક આશાતનાઓ તરફ તો વિચાર પણ થતો જોવામાં આવતો નથી તે દૂર થવા માટે સંક્ષેપમાં આ નીચે રોશન કરૂં છું.

૧ દેરાસરજીમાં પુજા કરવા આવનાર શ્રાવક ભાઇઓ માંહેના કેટલાએક ન્હાતી વખતે માથામાં સાબુ નાખે છે અને શરીરે પણ સાબુ ચોળે છે. હાલમાં વપરાતા વિલાયતી સાબુની અંદર ચરબી આવે છે એ જગ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહેર વાત છે. ખરી રીતે તો કાયમ એ સાબુ શરીરે લગાવવો યોગ્ય નથી તો પુજનને અવસરે જ્યારે શરીરની શુદ્ધિ કરવાની ખાસ જરૂર છે તે વખતે એવી અસ્પર્શ્ય વસ્તુથી બનેલો સાબુ શરીરે લગાડવો અને તેની અસર ઉડ્યા અગાઉ શ્રીજિનેશ્વરની અંગ પુજા કરવી એ ઘટીત નથી.

૨ પુજા કરનાર ભાઇના કેટલાએક ન્હાતી વખત માથાના કેશ ચોળવા માટે હાંતીવાળા કાંસકીનો ઉપયોગ કરે છે પરંતુ તેથી આશાતના થાય છે એટલુંજ નહીં પણ ઘણુંખરૂં જુ લીખ વિગેરેનો વિનાશ થાય છે. આવા દરરોજ કેશ ઓળનારા કરતાં તો સ્ત્રીઓ પણ વિચારવાન હોય છે કે જેઓ તિથિ પર્વાદિક ગમે ત્યારે ઓળતી નથી માટે જેને માથે કેશ વધારે હોય અને તેમાં જુ લીખાદિકનો સંભવ હોય તો માથે પાણી નાખ્યા શિવાય પુજા કરવાની શાસ્ત્રમાં આજ્ઞા છે પરંતુ જ્યાં આવીને હિંસાથી દૂર રહેવાની જરૂર છે ત્યાંજ એવા જીવ વિનાશવાળા કર્મમાં પ્રવર્તવું એ ઘટીત નથી.

૩ અહીંઆં કેટલીક વખત ઉજમણાઓ થાય છે પરંતુ તેના કરનારાઓ ઉજમણામાં મુકેલા સિદ્ધચક્ર તથા નવકારવાળી વિગેરે પાછા પેટીમાં લઇ જઇને મુકે છે. જે હેતુએ ઉજમણા કરવામાં આવે છે તે હેતુને બીલકુલ ભુલી જવામાં આવે છે સિદ્ધચક્ર કોઇ દેરાસરજીમાં મુક્યા હોત અથવા કોઇને પુજા કરવા આપ્યા હોય તો નિરંતર દર્શન પુજન થવાથી અને નવકારવાળી કોઇને ગણવા આપી હોય કે દેરાસરજીમાં અગાઉ મુકી હોય તો તે દરરોજ ગણાવાથી નિરંતર પુન્યબંધનની શ્રેણી ચાલી આવે છે. પેટીમાં મુકી રાખનારાઓ એવા પુન્યબંધથી દૂર રહે છે અને ઉલટા શાસ્ત્રોક્ત માર્ગનું ઉલંઘન કરનારા થાય છે માટે શુદ્ધ શાસ્ત્રોકતે જેવા ઉદાર પરિણામ રાખીને ઉજમણું કર્યું હોય છે તેમજ ઉદાર પરિણામથી તરતજ તેમાં મુકેલ તમામ સામાનનો ઘટીત ઉપયોગ કરી દેવો જોઇએ. કોઇ પણ વસ્તુ પાછી લઇ જઇને ઘરમાં મુકવી ન જોઇએ. કદાચી કોઇ ચીજને આપવા યોગ્ય સ્થાનક તરતમાં લભ્ય ન થાય તો તેવી તમામ ચીજો કોઇ દેરાસરજીમાં અગર ભાહીત સ્થાનકે વિદ્યાશાળાઓ વિગેરેમાં અનામત મુકી રાખવી જોઇએ અને ત્યાંથી પરબારી લેનાર મળે અપાવી દેવી જોઇએ. ઘરમાં લઇ જઇને મુકવાથી ઘણા વખત સુધી પ્રમાદગ્રસ્ત મનુષ્ય પાછા તેને સંભારતા નથી અને દૈવયોગે કાંઇ ફેરફાર સ્થિતિ પ્રાપ્ત થાય છે અથવા અણધારી અડચણ આવી પડે છે તો વખતપર તેનો ગેર ઉપયોગ થાય છે અને ઉજમણાથી પ્રાપ્ત થયેલા પુન્યને પરબારી બેસવાનો વખત પણ આવી પડે છે માટે એવા ભયથી ભયભીત રહીને જ્ઞાન દર્શન ચારિત્રના ઉપયોગ નિમિત્તે અર્પણ કરેલી ચીજને પોતાને ઘરે લઇ જઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછી ન મુકતાં જેમ બને તેમ વહેલાં તેનો ઉપયોગ કરી દેવો એજ સુજ્ઞ જનોને ઘટીત છે. કિંબહુના !

એક શ્રાવક.

## શ્રી જૈનધર્મ પ્રસારક સભાના ઉપમંત્રી.

## શા. મગનલાલ સુંદરજીનું ખેદકારક મૃત્યુ.

લખતાં અત્યંત દીલગીરી થાય છે કે ચાલતા ફાલ્ગુન માસની શુદી. ૭ ને બુધવારની સવારના પાા વાગે શાર્હ મગનલાલ, જેઓ જૈનધર્મ પ્રસારક સભામાં ઉપમંત્રી તરીકેની માનવંતી પદવી ભોગવતા હતા એટલુંજ નહીં પણ જેઓ ધર્મીષ્ટ હોવા સાથે ધર્મની ટેક જાળવવામાં પણ શુરવીર હતા તેઓ માત્ર ૩૨ વર્ષની નાની ઊમ્મરમાં આ ફાની દુનિઆનો ત્યાગ કરીને સ્વર્ગવાસી થયા છે. એમનો જન્મ સંવત ૧૯૧૮ ના કાર્તિક શુદી. ૧૩ શે થયો હતો. મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના હાથ નીચે સ્થપાયેલી જૈન વિદ્યાશાળામાં તેમણે સારો અભ્યાસ કર્યો હતો અને ઉક્ત મહારાજશ્રીના ઉપદેશામૃતનું પાન કરીને તેમણે પોતાના હૃદયમાં ધર્મરૂપ કલ્પવૃક્ષનું બીજ વાવ્યું હતું. તેમને બે માસ થયા અતિસારરૂપ વ્યાધિ થયો હતો અને તેમાં ધીમે ધીમે બીજા વ્યાધિઓએ પણ દેખાવ આપ્યો હતો. બચાવ ન થવાનો સંભવ જણાયા છતાં પણ શરીરનું ક્ષણભંગુરપણું વિચારીને મૃત્યુનો બીલકુલ ભય ધરાવ્યો નહોતો એટલુંજ નહીં પણ પોતાની હસ્તગતના ગોડીજીના દેરાસરજી સંબંધી, જીવદયાના કામ સંબંધી, સભાના હિત સંબંધી વિગેરે બાબત દૃઢ મનથી સંપૂર્ણ રીતે ભલામણ કરી હતી. મુનિરાજ શ્રી પં૦ ગંભીરવિજયજી વિગેરે મુનિ સમુદાયના દર્શનનો લાભ લઇને અનેક પ્રકારના સાગારી વ્રત નિયમ અંગીકાર કર્યા હતા અને ડાકતરે બહુ પ્રકારે કહ્યા છતાં પણ રાત્રીભોજનાદિ નિયમની દૃઢતા છોડી નહોતી. એમના નાની ઉમ્મરના મરણથી એમના સંબંધી વર્ગને તેમજ શ્રી જૈનધર્મ પ્રસારક સભાને પણ પુરતી ખામી આવી પડી છે. બણ વર્ષ થયા કરીને વિવાહ થયેલ હોવાથી વિધવાવસ્થાને પ્રાપ્ત થયેલ તેમની બાલ વયની વહુને જોતાં દીલગીરી થવા સાથે સંસારની અનિત્યતા અને દુઃખની પ્રચુરતાનું સ્પષ્ટ ભાન થઇ આવે છે. અમે તેમના વડીલ બંધુ ગોરધનદાસ તથા તેમના બીજા સંબંધીઓની દિલગીરીમાં ભાગ લઇએ છીએ અને તેમને વ્યવહારીક ફરજ તેમજ ધાર્મીક ફરજ બજાવવા યાદ આપીએ છીએ. સંસાર અસાર છે અને સર્વ પદાર્થો પુદ્‌ગળીક હોવાથી અનિત્ય છે. તેમને નિત્ય માની બેસીને તેના ઉપર મોહ ધારણ કરવો તે પરિણામે દુઃખદાયક થઇ પડે છે. વળી મરણની પાછળ શોક વિશેષ કરવાથી ઊલટો કર્મ બંધ થાય છે માટે મનને સમાધાની પર લાવીને ધર્મ કાર્યમાં દોરાવાની આવશ્યકતા છે એમ તેમના સંબંધી વર્ગ જરૂર ધ્યાનમાં વિચારી સમતા ધારણ કરી ધર્મ કાર્યમાં જોડાવું, જેથી કર્મબંધ ન થતા કલ્યાણ થાય.